# એકમ-9 શહેરીકરણ

-: રૂપરેખા :-

**9.1 પ્રસ્તાવના**

**9.2 શહેરીકરણનો અર્થ (Meaning of Urbanization)**

**9.3 શહેરીકરણનુ પ્રમાણ**

**9.4 શહેરીકરણના કારણો**

**9.5 શહેરીકરણની અસરો**

**9.6 શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો**

- **શહેરીકરણ ઉપરનું ભારણ ઘટાડવા મોટનાં કેટલાંક સૂચનો**
- **સંદર્ભ વાચન**

## 9.1 પ્રસ્તાવના

ભારતમાં 1991માં જે મોટા આર્થિક પરિવર્તનો કરવામાં આવ્યાં તે પરિવર્તનોને આર્થિક સુધારા તરીકે ઓળખવામાં આવે છે. જેમાં ખાનગીકરણ, ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ અન્વયે ભારતીય અર્થતંત્રની કાયાપલટ કરવામાં આવી. જેના પરિણામ સ્વરૂપે આજે ભારતીય અર્થતંત્રની ગણના વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામી રહેલા અર્થતંત્ર તરીકે કરવામાં આવે છે. શહેરીકરણને પણ વિકાસ પામી રહેલા અર્થતંત્રની ભેટ ગણવામાં આવે છે. તે જ રીતે આંતર માળખાકીય સુવિધાઓ પણ આર્થિક વિકાસની પૂર્વ શરત ગણાતી હોવાથી તે શહેરીકરણ સાથે સીધી રીતે સંકળાયેલ છે.

શહેરીકરણ એ આર્થિક વિકાસની પ્રક્રિયાનું પરિણામ છે. કારણ કે આર્થિક વિકાસ થવાથી ઉદ્યોગો અને આંતર માળખાકીય સેવાઓનો વિકાસ ને વિસ્તાર થાય છે. જેથી કૃષિ વિભાગમાંથી શ્રમની હેરફેર ઉદ્યોગ અને સેવાક્ષેત્ર તરફ થાય છે. પરિણામે શહેરીકરણની પ્રક્રિયાને વેગ મળે છે. આમ શહેરીકરણ એ વૈશ્વિક પરિવર્તનના પરિણામે શહેરી વિસ્તારોની થતી ભૌતિક વૃદ્ધિ છે. વર્તમાન સમયમાં સામાજિક અને આર્થિક પરિવર્તનનું પ્રતિબિંબ શહેરીકરણની પ્રક્રિયામાં દૃષ્ટિગોચર થાય છે. શહેરીકરણની પ્રક્રિયા દરમિયાન શહેર વિસ્તારના સમૂહો પર પડતી અસર, તેઓનો વ્યવહાર, રિવાજ, માન્યતાઓ, સામાજિક સંબંધો, આર્થિક સંબંધો વગેરેમાં આમૂલ પરિવર્તન જોવા મળે છે.

## 9.2 શહેરીકરણનો અર્થ (Meaning of Urbanization)

- **યુનાઈટેડ નેશન્સના મતે :**

  ''ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારોમાં થતી લોકોની હેરફેર એટલે શહેરીકરણ.''

- **જાણીતા ભૂગોળવેત્તા રીઝમાનના મત મુજબ :**

  ''શહેરીકરણ એ પરિવર્તન અને તેનાં પરિણામોની પ્રક્રિયા છે. તેમાં ખેતીકીય અર્થતંત્રમાંથી ઔદ્યોગિક અર્થતંત્રમાં તથા નાના અને સમાન લાક્ષણિકતાઓ વાળા સમાજમાંથી મોટા અને અસમાન લાક્ષણિકતાઓ વાળા સમાજમાં પરિવર્તન આવતું જાય છે.''

- **ફિલીપ એ. હાઉસર અને જુદાહ મેત્રાસ :**

  ''શહેરી વિસ્તાર એટલે એવો વિસ્તાર કે જ્યાં અધિક પ્રમાણમાં વસ્તી વસવાટ

કરતી હોય, વસ્તીની ગીચતા અધિક હોય તેમજ મોટાભાગની વસ્તી બિનખેતી વ્યવસાયોમાં રોકાયેલી હોય.''

- **2001ની વસ્તી ગણતરી મુજબ :**

''ઓછામાં ઓછી 5000ની વસ્તી ધરાવતી જગ્યા કે જ્યાં 75 ટકા પુરુષોની આવક ખેતી સિવાયનાં સ્ત્રોતો પર આધારિત હોય છે અને જ્યાં વસ્તી ગીચતા પ્રતિ કિલોમીટર 400 વ્યક્તિની હોય તેને શહેરી વિસ્તાર ગણી શકાય.''

## 9.3 શહેરીકરણનુ પ્રમાણ

બ્રિટિશ સમય પહેલાં ભારતનાં શહેરો પ્રાચીન ઢબનાં હતાં અને તેની સંખ્યા પણ બહુ જ ઓછી હતી. પરંતુ ત્યારબાદ ભારતને સ્વતંત્રતા મળી તેમજ વેપાર ઉદ્યોગનો વિકાસ અને કેટલાંક અન્ય પરિબળોના વિકાસને પરિણામે ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા આગળ વધી રહી છે. 1991ના આર્થિક સુધારા બાદ તેમાં સતત વધારો થતો રહ્યો છે. ગુજરાતમાં પણ શહેરી વસ્તી અને શહેરોની સંખ્યામાં પણ સતત વધારો નોંધાયો છે.

- **ભારતમાં શહેરી - ગ્રામીણ વસ્તી**

| અ.નં. | વર્ષ | ગ્રામીણ વસ્તી (ટકામાં) | શહેરી વસ્તી (ટકામાં) | કુલ વસ્તી (કરોડમાં) | શહેરોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | 1951 | 82.70 | 17.30 | 36.11 | 3035 |
| 2 | 1961 | 82.03 | 17.97 | 43.92 | 2657 |
| 3 | 1971 | 80.09 | 19.91 | 54.81 | 3081 |
| 4 | 1981 | 76.66 | 23.34 | 68.33 | 3891 |
| 5 | 1991 | 74.68 | 25.32 | 84.63 | 4615 |
| 6 | 2001 | 72.14 | 27.86 | 102.86 | 5161 |
| 7 | 2011 | 68.84 | 31.16 | 121.02 | 7935 |
| 8 | | | | | |

**Census of India-2011**

**અર્થ સંકલન - જાન્યુઆરી - 2019**

આઝાદી બાદ 1951માં ભારતમાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ શહેરી વસ્તી કરતાં ઘણું ઊંચું હતું. કુલ વસ્તીના 82.70 ટકા વસ્તી ગામડાઓમાં વસવાટ કરતી હતી. માત્ર 17.30 ટકા વસ્તી જ શહેરોમાં રહેતી હતી. આ સમયે દેશમાં શહેરોની સંખ્યા 3035 હતી. શહેરી વસ્તીમાં ધીમે-ધીમે વધારો થતો ગયો. 1991માં આર્થિક સુધારા અપનાવવામાં આવ્યાં ત્યારબાદ દેશમાં શહેરી વસ્તીનું પ્રમાણ સતત વધવા પામ્યું. 1991માં દેશમાં શહેરી વસ્તીનું પ્રમાણ 25.32 ટકા હતું. જે વધીને 2011માં લગભગ 31.16 ટકા જેટલું થયું છે. આ સમયે શહેરોની સંખ્યા પણ વધીને 7935 જેટલી થઈ.

ભારતમાં 1991થી શહેરીકરણ અંગેના 2030 સુધીના પ્રક્ષેપિત આંકડા તપાસતા

જણાશે કે ભારતમાં 1991માં 856 મિલીયન વસ્તી હતી જે વર્ષ 2030 સુધીમાં 1470 મિલીયન વસ્તી થશે. 2030માં કુલ વસ્તીના લગભગ 45 ટકા જેટલી વસ્તી શહેરી વસ્તી હશે. એટલે કે ઉદારીકરણ બાદ શહેરી વસ્તીમાં ઝડપથી વધારો નોંધાયો છે.

- **ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ**

| અ.નં. | વર્ષ | ગ્રામીણ વસ્તી (ટકામાં) | શહેરી વસ્તી (ટકામાં) | કુલ વસ્તી (કરોડમાં) | શહેરોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| 1 | 1951 | 72.77 | 27.23 | 1.62 | |
| 2 | 1961 | 74.23 | 25.77 | 2.06 | 181 |
| 3 | 1971 | 71.92 | 28.08 | 2.67 | 216 |
| 4 | 1981 | 68.90 | 31.10 | 3.41 | 225 |
| 5 | 1991 | 65.51 | 34.49 | 4.13 | 264 |
| 6 | 2001 | 62.33 | 37.67 | 4.84 | 342 |
| 7 | 2011 | 57.40 | 42.60 | 6.04 | 348 |

**Census of India-2011**

**અર્થ સંકલન - જાન્યુઆરી - 2019**

વર્ષ 1951માં ગુજરાત રાજ્યની કુલ વસ્તી 1.62 કરોડ હતી જેમાંથી 72.77 ટકા વસ્તી ગામડાંઓમાં અને 27.23 ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરતી હતી. 1961ના વર્ષને બાદ કરતાં દરેક દશકામાં શહેરી વસ્તીનું પ્રમાણ વધ્યું છે. જ્યારે ગ્રામીણ વસ્તીનું ટકાવારી પ્રમાણ ઘટ્યું છે. 2011માં રાજ્યમાં ગ્રામીણ વસ્તીનું પ્રમાણ 57.40 ટકા અને શહેરી વસ્તીનું પ્રમાણ 42.60 ટકા જેટલું છે; આ ઉપરાંત શહેરોની સંખ્યામાં પણ નોંધપાત્ર સુધારો થયેલો જણાય છે.

1961માં રાજ્યમાં 181 જેટલા શહેરો હતા તેનું પ્રમાણ વધીને 2011માં 348 થયું છે. દેશની શહેરી વસ્તીના પ્રમાણની તુલનાએ રાજ્યમાં શહેરી વસ્તીનું ટકાવારી પ્રમાણ ઊંચું છે. અર્થાત્ ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયા ઝડપી છે.

વર્ષ 2030માં ગુજરાતમાં શહેરીકરણની ટકાવારી 66 ટકા અંદાજવામાં આવેલ છે. દેશના કુલ 13 જેટલા અધિક શહેરીકરણ ધરાવતા શહેરોમાં 03 જેટલા શહેરો ગુજરાત રાજ્યના હશે. આ ત્રણ શહેરોમાં 8.4 મિલિયન વસ્તી સાથે અમદાવાદ શહેરીકરણ અંતર્ગત સમગ્ર દેશમાં આઠમા ક્રમે હશે.

## 9.4 શહેરીકરણનાં કારણો

### 9.4.1 ઔદ્યોગિકીકરણ :

ઔદ્યોગિકીકરણ એટલે ઉત્પાદનમાં માનવ સંચાલિત સાધનોની જગ્યાએ યંત્ર સંચાલિત સાધનોનો ઉપયોગ તથા તેમનું વિસ્તૃતિકરણ. ઔદ્યોગિકીકરણ ભૌગોલિક અને સામાજિક ગતિશીલતા માટેનું મહત્ત્વનું પરિબળ બનતાં તે શહેરીકરણ માટેનું સહાયક

પરિબળ બને છે. ઔદ્યોગિકીકરણને લીધે કેટલાંક શહેરોનો ઉદ્ભવ થયો છે. શહેરીકરણની પ્રક્રિયા ઔદ્યોગિકીકરણ સાથે હકારાત્મક સંબંધ ધરાવે છે. આ ઉપરાંત કેટલાંક શહેરો સ્વયં વિકસ્યા છે તો કેટલાંક ગામડાંઓનું શહેરોમાં રૂપાંતર થયું છે.

**9.4.2 આર્થિક તકોની પ્રાપ્તિ :**

ગ્રામીણ વિસ્તારોના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતી એ કુદરત પર આધારિત છે. જેથી દુષ્કાળ, પૂર, વ્યાપક મહામારીના સમયે ટકી રહેવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે. આધુનિક સમયમાં કૃષિના ઔદ્યોગિકરણને પરિણામે પણ ગ્રામીણ મજૂરને પ્રાપ્ત થતા બજારના કદમાં ઘટાડો થયો છે. આવા સમયે લોકો રોજગારીની શોધમાં શહેરો તરફ સ્થળાંતર કરે છે અને શહેરીકરણને વેગ મળે છે.

**9.4.3 પાયાની સેવાઓ :**

શહેરી ક્ષેત્રોના આકર્ષણનું કારણ માત્ર રોજગારીની વધુ સારી તકો જ નથી. પરંતુ વધુ સારું શિક્ષણ, સ્વાસ્થ્ય સુરક્ષા અને ઊંચુ જીવનધોરણ પણ છે. શહેરોમાં પાયાની સારી સેવાઓ તેમજ વિશેષ સેવાઓ આસાનીથી મળી શકે છે. જે ગ્રામીણ વિસ્તારોમાં પ્રાપ્ત હોતી નથી. શિક્ષણ અને આરોગ્ય એ પાયાની સેવાઓ છે. જેથી લોકો સારું શિક્ષણ અને સારું આરોગ્ય મેળવવા માટે ગામડાંમાંથી શહેરો તરફ સ્થળાંતર કરે છે. શહેરોમાં સારી હૉસ્પિટલો અને ડૉક્ટરો તથા શિક્ષણને લગતી સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થાય છે. ગ્રામ વિકાસને ઉત્તેજન આપવાની નીતિઓની ઘોષણા વારંવાર કરવામાં આવે છે. પરંતુ ભારતમાં છેલ્લા કેટલાય દાયકાઓથી શુદ્ધ પીવાનું પાણી, સફાઈ, કચરાના નિકાલની વ્યવસ્થા, શિક્ષણ, સ્વાસ્થ્ય સુરક્ષા સંબંધિત બધા જ સુધારાઓ શહેરોને કેન્દ્રમાં રાખીને જ કરાયા છે. પરિણામે લોકોનું શહેરો તરફનું આકર્ષણ વધવા પામ્યું છે.

**9.4.4 વ્યાપારીકરણ :**

વર્તમાન સમયમાં વ્યાપાર, વાણિજ્ય તથા વાહન અને વિનિમય વ્યવહારે એક નવું જ અટપટું સ્વરૂપ લીધું છે. વ્યાપાર-ધંધાની અટપટી પદ્ધતિઓ, બેંકો, વીમા કંપનીઓ ને શરાફોની એક વિસ્તૃત નાણાં વિનિમયની જાળ, વાહનવ્યવહાર અને વિનિમયના એક આશ્ચર્યજનક વિકાસે ઉદ્યોગિકરણ સાથે સુમિલિત થઈ નાના-મોટા શહેર સર્જવામાં ખૂબ જ મોટો ફાળો આપ્યો છે.

## 9.5 શહેરીકરણની અસરો

વિશ્વમાં સૌથી વધુ શહેરીકરણ ચીનમાં થયું છે અને ત્યારબાદ ભારતમાં થઈ રહ્યું છે. વર્તમાન ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા ખૂબ ઝડપી છે. જે ભારતના આર્થિક વિકાસની ઝડપનો નિર્દેશ કરે છે. આ આર્થિક વિકાસની પ્રક્રિયાને કારણે જે શહેરીકરણ થયું તેણે ભારતીય અર્થતંત્ર પર બે પ્રકારની અસરો સર્જી છે.

9.5.1 શહેરીકરણની હકારાત્મક અસરો

9.5.2 શહેરીકરણની નકારાત્મક અસરો

**9.5.1 શહેરીકરણની હકારાત્મક અસરો**

**9.5.1.1 આંતર માળખાકીય સુવિધાઓમાં વધારો :**

શહેરીકરણને પરિણામે આર્થિક અને સામાજિક આંતર માળખાકીય સુવિધાઓમાં ઝડપી વધારો થયો છે. જેમ કે શિક્ષણ, આરોગ્ય, વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર, બેંકિંગ, વીમો, વીજળી જેવી અનેક માળખાકીય સુવિધાઓમાં સતત વધારો થતો રહ્યો છે. પરિણામે

શહેરોમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં રોજગારીની તકો વધી. રોજગારી વધતાં લોકોની આવક વધી. આવક વધતાં તેમની ખરીદશક્તિમાં વધારો થયો. જેથી શહેરોમાં અનેક નવા ઉદ્યોગો સ્થાપવાની અનિવાર્યતા પેદા થઈ જેણે અનેકગણી રોજગારી સર્જી. આમ, વૃદ્ધિનું આ ચક્ર ચાલ્યા જ કરે છે. જેથી દેશનો આર્થિક વિકાસ થતો જ રહે છે.

### 9.5.1.2 ગરીબીમાં ઘટાડો :

ગરીબી અને બેરોજગારી પરસ્પર સંકળાયેલ છે. શહેરીકરણ થવાથી શહેરોમાં સેવાક્ષેત્ર અને ઉદ્યોગ ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન થાય છે. પરિણામે ગરીબીમાં ઘટાડો થાય છે વળી શહેરીકરણને લીધે ગામડાંની બેકારી અને ગરીબ વસ્તી પણ શહેરમાં આવે છે. તેમને તેમની યોગ્યતા મુજબ રોજગારી મળી રહે છે પરિણામે ગરીબીમાં ઘટાડો થાય છે.

### 9.5.1.3 આરોગ્યની આધુનિક સેવાઓ :

વ્યક્તિનું આરોગ્ય અને ઉત્પાદકતા એક-બીજા સાથે પ્રત્યક્ષ રીતે સંકળાયેલા છે. સ્વસ્થ વ્યક્તિની ઉત્પાદકતા ઊંચી હોય છે. શહેરીકરણની પ્રક્રિયાને પરિણામે શહેરોની વસ્તીમાં વધારો થતાં તેઓની શિક્ષણની સાથે સાથે આરોગ્યની અનેકવિધ જરૂરિયાતો ઉદ્‌ભવે છે. શહેરોમાં ખાનગી ધોરણે અત્યંત આધુનિક મલ્ટીસ્પેશિયાલિટી હૉસ્પિટલો દરેક વિસ્તારમાં આવેલી જોવા મળે છે. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને સરકાર દ્વારા પણ આવી આધુનિક હૉસ્પિટલો શરૂ કરવામાં આવે છે. જેમાં દરેક પ્રકારના રોગોની આધુનિક સારવાર એક જ સ્થળે અને સમયસર મળી રહે છે. સમાજના ગરીબ અને મધ્યમ વર્ગને આવી સુવિધાઓનો ઝડપી લાભ મળતાં તેમના આરોગ્યમાં સુધારો થાય છે. જેની સીધી અસર શ્રમિકની ઉત્પાદકતા પર પડે છે.

### 9.5.1.4 જીવન ધોરણમાં સુધારો :

શહેરીકરણને લીધે લોકોને રોજગારીની તકો પ્રાપ્ત થતાં તેઓની આવકમાં વધારો થાય છે. તેમજ તેઓને અત્યંત આધુનિક આંતર માળખાકીય સગવડોનો લાભ પણ મળે છે. પરિણામે શહેરી વસ્તીનું જીવનધોરણ ઊંચું જોવા મળે છે. જ્યારે ગ્રામીણ વસ્તીને આધુનિક માળખાકીય સગવડોનો લાભ ઓછો પ્રાપ્ત થાય છે. જેથી ગ્રામીણ વસ્તીનું જીવનધોરણ શહેરી વસ્તીની તુલનામાં નીચુ જોવા મળે છે.

### 9.5.1.5 શિક્ષણના પ્રમાણ અને સ્તરમાં સુધારો :

ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે અને તેનું સ્તર પણ નીચુ હોય છે. જ્યારે શહેરીક્ષેત્રે શિક્ષણ સરળતાથી પ્રાપ્ત થાય છે. જેથી તેનું પ્રમાણ ઊંચુ હોય છે. શહેરોમાં ખાનગી શાળાઓનું ઊંચુ પ્રમાણ તથા સરકારી અને ખાનગી શાળાઓ વચ્ચે હરીફાઈને લીધે શિક્ષણનું સ્તર પણ ખૂબ ઊંચુ જોવા મળે છે.

### 9.5.1.6 સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં સુધારો :

શહેરીકરણ થતાં ગામડાંમાંથી લોકો શહેરો તરફ ગયા જ્યાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. જેથી સ્ત્રી શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે. જેને લોકોની માનસિકતા બદલી. વિભક્ત કુટુંબ પ્રથા વિકસવા લાગી. જેણે સ્ત્રી રોજગારી વધારી. પરિણામે સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં સુધારો થયો. ગામડાંઓની તુલનામાં શહેરોમાં સ્ત્રીઓનો સામાજિક દરજ્જો વધુ ઊંચો હોય છે. કારણ કે શહેરોની અંદર સાંસ્કૃતિક, આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક તેમજ રાજકીય પરિવર્તનો ઝડપથી થાય છે. જેનો લાભ સ્ત્રીઓને મળે છે. જેથી તેઓનો દરજ્જો ઊંચો થતો જાય છે. સ્ત્રીઓ જેમ જેમ વધુ ને વધુ શિક્ષણ લેતી જશે અને આર્થિક રીતે

વધુ ને વધુ પગભર - સ્વતંત્ર થતી જશે તેમ તેમ તેમનો સામાજિક દરજ્જો ઊંચો જશે.

**9.5.1.7 સાંસ્કૃતિક વિકાસ :**

શહેરોમાં ભિન્ન-ભિન્ન ધર્મો, જ્ઞાતિઓ અને વિચારધારાઓના લોકો રહે છે. જેમની માનસિક પ્રવૃત્તિઓ, વિચારો તથા આદર્શોમાં મોટું અંતર હોય છે. આવી વૈવિધ્યસભર વિચારાધારા ધરાવનાર લોકો ભેગાં થતાં તેમનો સાંસ્કૃતિક વિકાસ થાય છે. શહેરમાં શિક્ષણનું પ્રમાણ ઊંચુ હોવાથી લોકો શિક્ષણ દ્વારા પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકાય છે. શિક્ષણ સમાજને સુસંસ્કૃત માનવીની ભેટ આપે છે.

**9.5.2 શહેરીકરણની નકારાત્મક અસરો :**

**9.5.2.1 શહેરીકરણ એટલે સામાજિક પડતી :**

ઓસ્વાલ્ડ સ્પેન્ગ્લર જણાવે છે કે ''શહેરીકરણ, શહેરનું પ્રભુત્વ એટલે સામાજિક પડતી.''

મોટાં શહેરો ગ્રામ જીવનને ચૂસી લઈ તેની શક્તિ હણી લે છે. શહેર માનવજીવનનાં કુદરતી વલણોને કચડી નાખે છે. તે કૃત્રિમતાનું વાતાવરણ ઊભું કરી ગ્રામજીવનની નિર્મળ સાદાઈ અને સરળતાનો નાશ કરે છે. કુટુંબ, સમાજ અને દેશની એકતા સહકારને છિન્ન-ભિન્ન કરે છે તથા વ્યક્તિવાદ, સમાજવાદ, બુદ્ધિવાદ જેવા વિનાશક અને હરિફાઈના માનસથી રંગાયેલા વાદો જન્માવી સંસ્કૃતિને વિનાશને પંથે લઈ જાય છે.

**9.5.2.2 આર્થિક - અસમાનતામાં વધારો**

શહેરોમાં બે પ્રકારના વર્ગ મળે છે. એક તરફ ઉચ્ચ શિક્ષણ મેળવેલો બૌદ્ધિક વર્ગ અને બીજી તરફ ગામડાંમાંથી શહેરોમાં આવેલ અભણ ગરીબ વર્ગ. ઉચ્ચ શિક્ષણ મેળવેલ બૌદ્ધિક વર્ગ સાહસિક નિયોજકો હોય છે. જેઓ પોતાના ધંધાના માલિક ગણાય છે. તેમની આવક ખૂબ જ ઊંચી હોય છે જ્યારે બીજી બાજુ ગ્રામીણ ગરીબ વસ્તી હોય જે શ્રમિક તરીકે કાર્ય કરે છે. તેની પાસે કૌશલ્યનો અભાવ હોય છે. જેથી ઊંચુ વેતન આપતા ઉદ્યોગોમાં કામ મળતું નથી. પરિણામે તેમની આવક ખૂબ નીચી હોય છે. આમ, શ્રમિક અને માલિક એવા બે વર્ગો પેદા થાય છે. જે આર્થિક અસમાનતામાં વધારો જન્માવે છે.

**9.5.2.3 ગંદા વસવાટોનો પ્રશ્ન :**

ગામડાંમાંથી શહેરોમાં આવતા શહેરી સમાજનો મજૂરવર્ગ ગરીબાઈને લીધે પાકા મકાનોમાં રહેવાની આર્થિક ક્ષમતા ધરાવતો નથી. તેઓ પોતાનું ઘર ખરીદવા અસમર્થ હોય છે. આથી તે લોકો ખાનગી કે સાર્વજનિક ખાલી પડેલી જગ્યા પર વસતા હોય છે. આવી ગેરકાયદેસર બનતી વસાહતોમાં ગેરકાયદેસરતાને લીધે ન્યૂનતમ સેવાઓ તથા સુવિધાઓ પણ મેળવી શકતા નથી. જેમ કે, પાણી, વીજળી, સ્વચ્છતા, ગટરો વગેરે. પરિણામે તેઓને ફરજિયાતપણે દૂરના વિસ્તારોમાં નાછૂટકે ગંદા, ઝૂંપડપટ્ટીવાળા વસવાટોમાં રહેવું પડે છે. આમ મોટાભાગના શહેરોમાં ઝૂંપડપટ્ટી તથા ગંદા વસવાટોની સમસ્યા એક સામાન્ય બાબત બની રહી છે. આમ, શહેરીકરણના પરિણામે ગેરકાયદેસર ઝૂંપડપટ્ટીઓ અને ગંદી વસાહતો અસ્તિત્વમાં આવી છે.

**9.5.2.4 કાયદો અને વ્યવસ્થાની સમસ્યા :**

મોટાભાગના શહેરોમાં વસ્તીવૃદ્ધિને કારણે કાયદો અને વ્યવસ્થાની ઘણી વિસંગતતા સર્જાઈ છે. શહેરોમાં જીવન અને મિલકત વિરુદ્ધના ગુનાઓ એક સામાન્ય બાબત બની રહી છે. આપઘાત, ચોરી, લૂંટફાટ જેવી ઘટનાઓ રોજિંદી બનતા શહેરીક્ષેત્રે કાયદો અને

વ્યવસ્થા તેને પહોંચી વળવા માટે અપૂરતાં સાબિત થતાં પરિસ્થિતિ વધુ કથળતી જોવા મળે છે. કાયદા સામે છટકબારી શોધવાની એક આગવી કળા ઊભી થઈ છે. જેના કારણે સમાજમાં નૈતિક મૂલ્યોમાં ન પુરાય એવી ખોટ પડવા માંડી છે. આ ઉપરાંત માથાદીઠ વાહનની સંખ્યામાં ખૂબ જ મોટા પ્રમાણમાં વધારો થતાં ટ્રાફિકની સમસ્યા સતત વધતી જોવા મળે છે.

**9.5.2.5 પર્યાવરણ-પ્રદૂષણના પ્રશ્નો :**

શહેરીકરણ અને ઔદ્યોગિકરણના આધુનિક પ્રવાહોને કારણે માનવજીવનની સુખાકારી અને સ્વાસ્થ્યને ભયમાં મૂકે એવી એક ગંભીર સમસ્યા વાતાવરણના પ્રદૂષણની છે. આ સિવાય પાણી અને અવાજનું પ્રદૂષણ પણ વધતું જોવા મળે છે. પ્રદૂષણને પરિણામે અડધાથી વધુ ગરીબ વસ્તી ચામડી અને શ્વસનતંત્રના રોગોથી પીડાતી જોવા મળે છે. શહેરોમાં રોજિંદી જીવનશૈલીમાં અનેક ચીજવસ્તુઓના વપરાશ પછી મોટા જથ્થામાં કચરો પેદા થાય છે. જેમાં ઘનકચરો અને દૂષિત પાણીનો સમાવેશ થાય છે.

**9.5.2.6 આંતરમાળખાકીય સુવિધાઓના પ્રશ્નો :**

માનવવિકાસ અને ઝડપી આર્થિક વિકાસ હાંસલ કરવા માટે આંતરમાળખાકીય સુવિધાઓ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થવી જરૂરી બને છે. પરંતુ શહેરી વસ્તીનું ઊંચુ પ્રમાણ તથા ઝૂંપડપટ્ટી અને ગંદા વસવાટો હોવાને લીધે સ્થાનિક વહીવટીતંતત્ર તેઓને પૂરતા પ્રમાણમાં પાણી, વીજળી, રસ્તા, વાહનવ્યવહાર, સંદેશા વ્યવહાર, શિક્ષણ, શૌચાલયો, આરોગ્ય, સ્વચ્છતા જેવી માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ જાય છે.

**9.5.2.7 સામાજિક દૂષણોમાં વધારો :**

ગામડાંમાંથી સ્થળાંતર કરી શહેરોમાં આવી વસવાટ કરતા લોકોને ઘણીવાર તેમની અપેક્ષા મુજબની રોજગારી મળતી નથી. તેઓ જે આવક મેળવે છે તે પણ નિયમિત સ્વરૂપે મળતી નથી. તેઓ પૂરતા શિક્ષિત કે કૌશલ્ય ધરાવતા હોતા નથી. પરિણામે કેટલાક લોકો ચોરી, લૂંટફાટ, જુગાર જેવાં અસામાજિક કાર્યોમાં જોડાય છે. પરિણામે સામાજિક સમતુલા જોખમાય છે. શહેરી જાહોજલાલી અને દેખાદેખીને લીધે પણ લોકો આવા અસામાજિક કાર્યો કરવા માટે પ્રેરાય છે.

## 9.6 શહેરીકરણની સમસ્યા હળવી કરવાના ઉપાયો

શહેરીકરણની હકારાત્મક અસરો કરતાં નકારાત્મક અસરોએ વધુ ગંભીર સમસ્યાઓ પેદા કરી છે તેના ઉકેલ માટે સરકારે કેટલાંક નીતિવિષયક પગલાં હાથ ધર્યા છે તથા શહેરીકરણને નિયંત્રિત કરવા માટે કેટલાંક ઉપાયો પણ સૂચવવામાં આવ્યા છે.

**9.6.1 સરકારનાં નીતિ વિષયક પગલાં :**

- 10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં નવા ઉદ્યોગોની સ્થાપના પર નિયંત્રણ મૂકીને અનિયંત્રિત રીતે થતા શહેરીકરણને મર્યાદિત બનાવ્યું છે.
- ભારત સરકારે શહેરીકરણની એવી નીતિ અપનાવી છે કે જેથી મોટાં શહેરો વધુ મોટાં ન બને અને નાનાં તેમજ મધ્યમ કદનાં નગરો મોટાભાગનાં રાજ્યો કે પ્રદેશોમાં વિકસે.
- ભારત સરકારની નીતિ મુજબ મોટાં શહેરોની આસપાસ સેટેલાઈટ ટાઉનના વિકાસની નીતિ અપનાવવામાં આવી છે.

**9.6.2 ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ શહેરોનું નિર્માણ :**

લોકોએ અસુરક્ષિત અને પ્રદૂષિત વિસ્તારોમાં વસવાટ ન કરે તે ધ્યાનમાં રાખીને સરકારે એવા કાયદાઓ પસાર કરવા જોઈએ કે જે પર્યાવરણને અનુકૂળ શહેરોનું નિર્માણ થાય. સરકારે શહેરી સંસાધનોના ટકાઉ ઉપયોગને પણ પ્રોત્સાહિત કરવું જોઈએ અને ટકાઉ પર્યાવરણ પર આધારિત અર્થતંત્રને સમર્થન આપવું જોઈએ.

**9.6.3 રોજગારીની તકો વધારવી**

શહેરીકરણની નકારાત્મક અસરોને ઘટાડવા અને કુદરતી ઈકોસિસ્ટમને બચાવવા ખાનગી રોકાણોને પ્રોત્સાહિત કરવા જોઈએ. જેથી કરીને કુદરતી સંસાધનોનો ઉપયોગ કરી શકાય અને રોજગારીની વધુ તકો ઊભી કરી શકાય. શહેરોમાં સરકાર સ્વરોજગારીની તકો વધે એવા રોજગારલક્ષી કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવ્યા છે. શહેરી ગરીબ લોકો આવા કાર્યક્રમોનાં લાભ લેતા થાય તે માટે તેનો વ્યાપ અને વિસ્તાર વધારવો જોઈએ કે જેથી લોકોને રોજગારી મળે અને આવક વધે કે જેને લીધે જીવનધોરણ સુધરે.

**9.6.4 આવશ્યક સેવાઓની જોગવાઈ :**

સરકારે શહેરી વિસ્તારોમાં તમામ વસ્તીને શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા, સ્વચ્છ પીવાનું પાણી, વીજળી, રસ્તા, વાહન વ્યવહાર, સંદેશા વ્યવહાર, શૌચાલય વગેરેની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી જોગવાઈ કરવી જોઈએ. સરકાર દ્વારા આ દિશામાં ઘણા પ્રયત્નો થયા છે પરંતુ વસ્તીની જરૂરિયાતના પ્રમાણમાં તે ઓછા છે.

**9.6.5 ગામડાંઓમાં પાયાની સગવડોનો વિકાસ :**

શહેરીકરણની સમસ્યાને હળવી કરવા માટે ગામડાંઓને પણ શહેરો જેવી સગવડો પ્રાપ્ત થાય તે માટે પગલાં લેવા જોઈએ. ગામડાંઓના છેવાડાના માનવીને પણ પાયાની સેવાઓ મળવી જોઈએ. દરેક ગામડાંને શિક્ષણ, આરોગ્ય, વાહન વ્યવહાર, રસ્તા, વીજળી, સંદેશાવ્યવહાર, સિંચાઈ સગવડો વગેરેથી સુસજ્જ કરવું જોઈએ. જેથી ગામડાંના લોકોનું શહેરો તરફનું સ્થળાંતર ઘટે અને શહેરીકરણની નકારાત્મક અસરો ઓછી થાય.

- **શહેરીકરણ ઉપરનું ભારણ ઘટાડવા માટેનાં કેટલાંક સૂચનો**

– શહેરોનું પદ્ધતિસર આયોજન અને બાંધકામ કરવું.
– ગ્રામીણ વિસ્તારોમાં ખેતી, નાના અને કુટિર ઉદ્યોગોનો વિકાસ કરવો.
– ગ્રામીણ પ્રજાને શહેરી પ્રશ્નોથી અને શહેરી પ્રજાને ગ્રામીણ લાભોથી માહિતગાર કરવા.
– વસ્તી નિયંત્રણ ઉપર ભાર મૂકવો.
– કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધારવી.

- **સંદર્ભ**

(1) 'ભારતની વસ્તી એક વિશ્લેષણાત્મક અભ્યાસ' લેખક - ડૉ. ભાસ્કર હ. જોશી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ - 1995

(2) 'સમાજ', અનુવાદક - અક્ષયકુમાર ર. દેસાઈ, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ, જુલાઈ-1961

(3) 'સામાન્ય સમાજશાસ્ત્ર' લેખક - પ્રા. મહેન્દ્રકુમાર રાવ અને પ્રા. અશ્વિન વ્યાસ, અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ - 1965

(4) અર્થ સંકલન - જાન્યુઆરી - 2019

(5) Census of India - 2011

(6) B. K. Bhatt, "The Gujarat Economy", Vrinda Publications (P) Ltd., Delhi 2003

(7) Dr. B. K. Bhatt, "ગુજરાતની અર્થવ્યવસ્થા", ન્યૂ પોપ્યુલર પ્રકાશન, સુરત, પ્રથમ અદ્યતન આવૃત્તિ - 2018